પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૧૩૬ | ૨૬ જુલાઈ, ૨૦૧૯, શુક્રવાર; અષાઢ વદ - ૯ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# લોકસભામાં ત્રિપલ તલાક બિલ પસાર

**કોંગી, જેડીયુનો ગૃહત્યાગ : લાંબી ચર્ચા બાદ ત્રિપલ તલાક બિલને લોકસભાની મંજુરી મળી ગઈ : બિલમાં સુધાર કરવા માટે લવાયેલ વિપક્ષી સાંસદના પ્રસ્તાવ અંતે પડી ગયા ધ્વનિ મતથી પસાર : વર્તમાન સત્ર ૭મી સુધી ચાલશે : રાજ્યસભામાં પડકાર**



નવીદિલ્હી, તા. ૨૫

લોકસભામાં આજે લાંબી ચર્ચા બાદ ત્રિપલ તલાક બિલને પાસ કરી દેવામાં આવ્યું હતું. લોકસભામાં ત્રીજી વખત ત્રિપલ તલાક બિલ પાસ કરવામાં આવ્યું છે. અગાઉ બે વખત રાજ્યસભામાં આ બિલ અટવાઈ પડ્યું હતું અને આગળ વધી શક્યું ન હતી. આ વખતે સરકાર આશાવાદી છે. બિલમાં સુધારા માટે લાવવામાં આવેલા વિપક્ષી સાંસદોના પ્રસ્તાવ પડી ગયા હતા. આ બિલ ધ્વનિમતથી પાસ થયું હતું. વર્તમાન સત્રને ૭મી ઓગસ્ટ સુધી વધારી દેવામાં આવ્યું છે. સુધારા અને બિલ પર વોટિંગ દરમિયાન કોંગ્રેસના સાંસદોએ વોકઆઉટ કર્યો હતો. ટીએમસી અને જેડીયુએ પણ વોકઆઉટ કર્યો હતો. ઓગસ્ટ ૨૦૧૭માં ત્રિપલ તલાકને સુપ્રીમ કોર્ટે ગેરબંધારણીય ગણાવ્યો હતો. મોદી સરકારની પ્રથમ અવધિમાં બે વખત આ બિલને મંજુરી મળી હતી પરંતુ રાજ્યસભામાં બિલ અટવાયું હતું. અગાઉ ખુબ જ ચર્ચાસ્પદ અને જટિલ ત્રિપલ તલાક બિલ ઉપર લોકસભામાં ચર્ચા શરૂ થઈ હતી. ત્રિપલ તલાક બિલને પસાર કરવાના કેન્દ્ર સરકાર દ્વારા ત્રીજી વખત પ્રયાસ થઈ રહ્યા છે. અગાઉ બે વખત સરકાર દ્વારા ત્રિપલ તલાક બિલને પસાર કરવાના પ્રયાસ કરવામાં આવ્યા છે પરંતુ સફળતા હાથ લાગી નથી. અગાઉ પણ લોકસભામાં બે વખત ત્રિપલ તલાક બિલ પાસ કરી દેવામાં આવ્યું ચે પરંતુ રાજ્યસભામાં ત્રિપલ તલાક બિલ જુદાજુદા વાંધાઓના કારણે અટવાઈ પડ્યું છે. આ વખતે પણ ભાજપના લોકો અને સરકાર ત્રિપલ તલાક બિલને પાસ કરવા માટે પહેલાથી જ આશાવાદી બનેલી હતી. જો કે, રાજ્યસભામાં ત્રિપલ તલાક બિલના ભાવિને લઈને હજુ સુધી સસ્પેન્સની સ્થિતિ બનેલી છે. ત્રિપલ તલાક બિલમાં અનેક

● અનુસંધાન પાન-૭ પર

## યુકેની નવી સરકારમાં ગુજરાતી મૂળના પ્રીતિ પટેલ ગૃહમંત્રી બન્યા

**ગુજરાતીઓની વિશ્વમાં વધુ એક યશકલગી : ભારત સાથેના સંબંધોને નવો આયામ આપવા માટે પ્રતિબદ્ધ છું : પ્રીતિ પટેલ**



લંડન,તા.૨૫

પાછલી થેરેસા સરકારની ખૂબ નિંદા કરનાર અને બ્રેક્ઝિટના સમર્થક પ્રીતિ પટેલને બોરિસ જોનસન સરકારમાં ગૃહમંત્રી બનાવવામાં આવ્યા છે. હાલના વડા પ્રધાન બોરિસ જ્હૉન્સને આ નિમણૂક કરી હતી. પ્રીતિ પટેલ અગાઉ પણ કેબિનેટમાં હતાં. ઈઝરાયેલા વડા પ્રધાન બેંજામીન નેતન્યાહુ સાથે ખાનગીમાં મુલાકાત કરી હોવાના આક્ષેપ બદલ તેમણે ત્યારના વડા પ્રધાન ટેરીઝાના પ્રધાનમંડળમાંથી રાજીનામું આપવું પડ્યું હતું. બ્રિટનના કાયદા અનુસાર આ પોલિટિકલ પ્રોટોકોલનો ભંગ હતો એટલે પ્રીતિબહેને રાજીનામું આપવું પડ્યું હતું. પ્રીતિ હાલના ભારતીય વડા પ્રધાન નરેન્દ્ર મોદીની ખાસ પ્રશંસક છે અને અગાઉ એક કરતાં વધુ વખત નરેન્દ્ર મોદીની જાહેરમાં પ્રશંસા કરી ચૂક્યાં છે. પ્રીતિનાં માતાપિતા મૂળ ગુજરાતનાં હતાં. વ્યવસાય અર્થે યુગાન્ડામાં સ્થાયી થયાં હતાં. ત્યાંથી બ્રિટનમાં ગયા જ્યાં લંડનમાં પ્રીતિનો જન્મ થયો હતો. બ્રિટિશ સમીક્ષકોની દ્રષ્ટિએ દેશના હોમ મિનિસ્ટર તરીકે પ્રીતિનું પુનરાગમન એમની પોલિટિકલ બઢતી સમાન છે.

# કર્ણાટકમાં રાષ્ટ્રપતિ શાસનના ભણકારા

**અનિશ્ચિતતા વચ્ચે ભાજપ ઉતાવળ કરશે નહીં : અસંતુષ્ટ ધારાસભ્યોના રાજીનામાના પ્રશ્ને નિર્ણય ન થાય ત્યાં સુધી કર્ણાટકમાં રાષ્ટ્રપતિ શાસન લાગૂ થવાના સંકેતો**

બેંગ્લોર, તા. ૨૫

કર્ણાટકમાં કુમારસ્વામીના નેતૃત્વમાં કોંગ્રેસ-જેડીએસ સરકારનું પતન થઈ ચુક્યું તે છતાં રાજ્યમાં નવી સરકાર રચી શકાય નથી. કારણ કે, ૧૫ અસંતુષ્ટ ધારાસભ્યોના રાજીનામાને લઈને કોઈ નિર્ણય કરી શકાયો નથી. આવી સ્થિતિમાં અસંતુષ્ટોના રાજીનામાના નિર્ણય સુધી રાજ્યમાં રાષ્ટ્રપતિ શાસન લાગૂ કરવામાં આવી શકે છે. ભારતીય જનતા પાર્ટી પણ અનિશ્ચિતતાના માહોલમાં સરકાર બનાવવા માટે દાવો કરવા માટે ઈચ્છુક નથી. પાર્ટીના અધિકારીએ આજે આ મુજબની માહિતી આપી હતી. કોંગ્રેસ અને જેડીએસના ૧૫ ધારાસભ્યોના રાજીનામા અંગે નિર્ણય કરવામાં આવનાર છે. કર્ણાટક વિધાનસભાના અધ્યક્ષ કેઆર રમેશકુમાર દ્વારા હજુ કોઈ નિર્ણય કરાયો નથી. ભાજપના રાજ્ય પ્રવક્તા મધુસુદને કહ્યું છે કે, જો વિધાનસભા અધ્યક્ષ અસંતુષ્ટ ધારાસભ્યોના રાજીનામાનો સ્વીકાર કરવા અથવા તો ફગાવી દેવાના સંદર્ભમાં વધારે સમય લે છે તો રાજ્યપાલ વજુભાઈ વાળા રાજ્યમાં રાષ્ટ્રપતિ શાસન લાગૂ કરવાની ભલામણ કરી શકે છે. અમે આ પ્રકારની સ્થિતિમાં સરકાર બનાવવા માટે દાવો કરવા ઈચ્છુક નથી. પાર્ટી વિધાનસભા અધ્યક્ષના અયોગ્ય

● અનુસંધાન પાન-૭ પર

## વ્યાજદર ફરીથી ઘટાડવા આરબીઆઈ તૈયાર

મુંબઈ, તા. ૨૫

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા ઓગસ્ટ મહિનામાં વ્યાજદરમાં ફરી એકવાર ઘટાડો કરવાની તૈયારીમાં છે. સતત ચોથા મહિનામાં વ્યાજદરમાં ઘટાડો કરવામાં આવનાર છે. અર્થશાસ્ત્રીઓને આવરી લઈને કરવામાં આવેલા નવા પોલમાં જણાવવામાં આવ્યું છે કે, આરબીઆઈ ઓગસ્ટ મહિનામાં પણ વ્યાજદરમાં ઘટાડો કરશે. મોટાભાગના અર્થશાસ્ત્રીઓ માની રહ્યા છે કે, પહેલાથી જ ગ્રોથને લઈને ચિંતા પ્રવર્તી રહી છે ત્યારે જોખમ લેવા માટે આરબીઆઈ પણ તૈયાર નથી. જો આરબીઆઈ આગામી મહિનામાં વ્યાજદરમાં ઘટાડો કરશે તો એશિયામાં કોઈપણ સેન્ટ્રલ બેંક દ્વારા અપનાવવામાં આવેલા સૌથી આક્રમક વલણ તરીકે રહેશે. છેલ્લી વખતે આરબીઆઈએ સતત વ્યાજદરમાં ઘટાડો કરીને અર્થશાસ્ત્રીઓને ચોંકાવી દીધા હતા.

## ન્યુઝ ટ્રેક

### નીરવ મોદીને રાહત નહી

બ્રિટનની વેસ્ટમિસ્ટર કોર્ટે ભાગેડુ હીરા કારોબારી નીરવ મોદીની કેદ ૨૨મી ઓગષ્ટ સુધી વધારી દીધી છે. પીએનબી કૌભાંડ મામલે ભાગેડુ નીરવ મોદીની ગત તા. ૧૯મી માર્ચના રોજ ધરપકડ કરવામાં આવી હતી. તેઓએ આ વખતે જામીન માટે ચોથીવાર અરજી કરી હતી.

### ધોની કાશ્મીરમાં પેટ્રોલીંગ કરશે

ઈન્ડિયન ટેરિટોરિયલ આર્મીના માનદ લેફ્ટનન્ટ ક્રિકેટર મહેન્દ્રસિંહ ધોની વેસ્ટઈન્ડિઝ ટૂર પર નહી જાય. તેઓ ૩૧ જુલાઈથી ૧૫ ઓગષ્ટ સુધી કાશ્મીરમાં રહેશે. અહીં તેઓ પેટ્રોલીંગ, ગાર્ડ અને પોસ્ટની ડ્યુટી સંભાળશે અને જવાનો સાથે જ રહેશે.

### આઝમખાનને ૩.૮૦ કરોડનો દંડ

સમાજવાદી પાર્ટીના નેતા આઝમખાનની મુશ્કેલીઓ દૂર થવાનુ નામ નથી લેતી. રામપુરની એસડીએમ કોર્ટે ૧૫ દિવસમાં જોહર યુનિવર્સિટીનો ગેટ હટાવવાનો આદેશ કર્યો છે. સાથે જ યુનિવર્સિટીનો ગેટ ગેરકાયદેસર રીતે બનાવવા માટે ૩.૮૦ કરોડનો દંડ પણ કોર્ટે ફટકાર્યો છે.

### ટ્રેનોમાં પણ હવે બ્લેક બોક્સ લગાવાશે

યાત્રીઓને સલામત સફર આપવા માટે રેલ મંત્રાલયે હવે તમામ ટ્રેનોમાં લોકો કેબ ઓડિયો વીડિયો ઉપકરણ લગાવવાનો નિર્ણય લીધો છે. આ પાયલટ પ્રોજેક્ટની સફળતા જોતા હવે આવા વધુ ઉપકરણો ખરીદવામાં આવશે. આ ઉપકરણો વિમાનમાં લગાવાતા બ્લેક બોક્સ જેવા છે. જેમાં ટ્રેન ડ્રાઈવરોની વાતચીત રેકોર્ડ કરવામાં આવશે.

### મહારાષ્ટ્રમાં ભૂકંપના ૪ આંચકા

મુંબઈના પાલઘરમાં રાત્રે ૧.૧૫ વાગ્યે રિક્ટર સ્કેલ પર ૩.૬ની તીવ્રતાનો ભૂકંપ નોંધાયો હતો. ભૂકંપના આંચકાથી દહાણુ વિસ્તારમાં એક ઘરની દીવાલ ધરાશાયી થતાં એક મહિલાનું મોત નીપજ્યું હતું.

# તીવ્ર વેચવાલી વચ્ચે સેંસેક્સ ઘટી ૩૭૮૩૧ની નવી નીચી સપાટીએ

**અબજોપતિની ક્લબ ત્રણ વર્ષની નીચી સપાટી ઉપર પહોંચી ગઈ : શેરબજારમાં પાંચ વર્ષ સુધી સ્થિર વધારો થયા બાદ ટોપ લિસ્ટેડ કંપનીઓના શેરમાં છેલ્લા ૧૬ મહિનામાં તીવ્ર ઘટાડો થતાં અબજોપતિઓને મોટો ફટકો**

મુંબઈ, તા. ૨૫

શેરબજારમાં આજે સતત પાંચમાં દિવસે મંદીનું મોજુ રહ્યું હતું. ઉથલપાથલ સાથે કારોબારની પૂર્ણાહૂતિ થઈ હતી. ફયુચર અને ઓપ્શન (એફએન્ડઓ) સિરિઝની પૂર્ણાહૂતિ થઈ હતી. આ સિરિઝની પૂર્ણાહૂતિ ૩૮૦૦૦ની નીચી સપાટી સાથે થઈ હતી. બીએસઈ સેંસેક્સ અને એનએસઈ નિફ્ટી બંને નીચી સપાટીએ બંધ રહ્યા હતા. કોર્પોરેટ કમાણીના નબળા આંકડા, એફએન્ડઓ કોન્ટ્રાક્ટની પૂર્ણાહૂતિની સીધી અસર શેરબજાર ઉપર થઈ છે. આજે સતત પાંચમાં કારોબારી સેશનમાં શેરબજારમાં મંદી રહી હતી. સેંસેક્સ ૧૭ પોઈન્ટ ઘટીને ૩૭૮૩૧ની નીચી સપાટીએ રહ્યો હતો જ્યારે કારોબાર દરમિયાન તાતા મોટર્સ, બજાજ ફાઈનાન્સ, રિલાયન્સ ઈન્ડસ્ટ્રી, તાતા સ્ટીલ સહિતના શેરમાં જોરદાર કડાકો બોલી ગયો હતો. બીજી બાજુ વેદાંતા, સનફાર્મા, ઈન્ડસબેંક, એક્સિસ બેંકના શેરમાં કારોબારના અંતે સ્પેટ્રમના ઉંચા સ્તર વચ્ચે તેજી રહી હતી. બ્રોડર નિફ્ટીમાં ૧૯ પોઈન્ટનો ઘટાડો રહેતા તેની સપાટી ૧૧૨૫૨ રહી હતી. બ્રોડર માર્કેટમાં બીએસઈ મિડકેપમાં ૭૩ પોઈન્ટનો ઘટાડો રહેતા તેની સપાટી ૧૩૭૮૬૩ અને સ્મોલકેપ ઈન્ડેક્સમાં ૧૨ પોઈન્ટનો ઘટાડો રહેતા તેની સપાટી ૧૩૦૩૧ રહી હતી. આજે મોટાભાગના સેક્ટરલ ઈન્ડેક્સમાં ઘટાડો રહ્યો હતો. નિફ્ટી ફાર્મા ઈન્ડેક્સમાં તેજીનો માહોલ જામ્યો હતો તેમાં ૨.૩૧ ટકાનો ઉછાળો રહ્યો હતો.

# પાકિસ્તાન ફરીવાર કારગિલ જેવા યુદ્ધની કોશિશ ન કરે : બિપીન રાવત

ન્યુ દિલ્હી,તા.૨૫

ભારતીય ખુશ્કીદળના પ્રમુખ બિપિન રાવતે ગુરુવારે પાકિસ્તાનને ચેતવણી આપી.



તેમણે કહ્યું કે ૧૯૯૯માં કારગિલ યુદ્ધ પાકિસ્તાનનું એક મોટુ દુસ્સાહસ હતું. મને પુરો ભરોસો છે કે ભવિષ્યમાં તેમની સેના આવી નાદાની નહીં કરે. તે આપણી તાકાત જાણી ગયા છે. હવે આપણી પાસે પહેલાથી વધુ સારા સર્વેલન્સ ડિવાઈસ ઉપલબ્ધ છે. તેનાથી ક્યાંયથી પણ ઘુસણખોરીનો પતો

**પાકિસ્તાન સતત આતંકવાદી ઘટનાને અંજામ આપવા આતંકવાદીઓને ભારતમાં મોકલે છે**

લગાવી શકાય છે. ૨૬ જુલાઈના કારગિલ યુદ્ધના ૨૦ વર્ષ પૂર્ણ થઈ રહ્યા છે.

જનરલ રાવતે કહ્યું કે આપણા જવાન ઉંચાઈ પર ચોક્કસ છે. બીજી તરફ પાકિસ્તાની સેના તહેનાત છે. અમે હંમેશા તેમને બેકફુટ પર રાખ્યા છે અને આગળ પણ રાખીશું. હવે પાકિસ્તાન ક્યારેય કારગિલ જેવી ભૂલ નહીં કરે. સેના પ્રમુખતી પાકિસ્તાનના પ્રધાનમંત્રી ઈમરાન ખાનના

● અનુસંધાન પાન-૭ પર







